ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર
માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.
અપીલ નં- અ-૫૩૨૬-૨૦૨૩

| | | |
|---|---|---|
| વિવાદી | : | શ્રી વિજય ડી યાદવ<br>૧૨/૧૩૬, રૂષીકેશનગર સોસાયટી,<br>ખોખરા, હરીપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૮. |
| | | વિરુધ્ધ |
| પ્રતિવિવાદી | : | (૧) જાહેર માહિતી અધિકારી<br>સંયુક્ત નિયામકશ્રી,<br>નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણ કચેરી,<br>૪/૨,ડો. જીવરાજ મહેતા ભવન,<br>ગાંધીનગર - ૩૮૨ ૦૧૦.<br>(૨) જાહેર માહિતી અધિકારી<br>સેકશન અધિકારીશ્રી,<br>સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,<br>અ-૧ શાખા, બ્લોક નં. ૫, ૯ મો માળ,<br>નવા સચિવાલય, ગાંધીનગર - ૩૮૨ ૦૧૦.<br>(૩) અપીલ સત્તાધિકારી<br>ઉપસચિવશ્રી (વિજાક),<br>સામાજીક નૂયાય અને અધિકારિતા વિભાગ,<br>બ્લોક નં. ૫, ૯ મો માળ, સરદાર પટેલ ભવન,<br>સેક્ટર-૧૦, સચિવાલય,<br>ગાંધીનગર - ૩૮૨ ૦૧૦. |

તા. ૧૭/૬/૨૦૨૫
શ્રી નિખિલ ભટ્ટ, રાજય માહિતી કમિશનર
ગુજરાત રાજય સમક્ષ

સુનાવણી :- તા.૦૭-૦૫-૨૦૨૫

વિવાદી : શ્રી વિજય ડી.યાદવ ઉપસ્થિત રહેલ નથી

પ્રતિવિવાદી : (૧) જાહેર માહિતી અધિકારી અને સેક્શન અધિકારી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર ઉપસ્થિત રહેલ નથી.

(૨) જાહેર માહિતી અધિકારી અને સંયુક્ત નિયામક, નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણ કચેરી, ગાંધીનગર વતી શ્રી જી.ટી. પરીખ, સમાજ કલ્યાણ અધિકારીશ્રી આયોગ ખાતે રૂબરૂ ઉપસ્થિત રહેલ છે.

(૩) અપીલ અધિકારી અને ઉપસચિવ(પી-૧), શહેરી

વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, (પી-૧ શાખા), ગાંધીનગર ઉપસ્થિત રહેલ નથી.

૨. <u>વિવાદીની નમૂના-'ક'ની અરજીની વિગત</u>

વિવાદીએ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ નમૂના-'ક'ની તા.૨૯/૦૪/૨૦૨૩ની અરજી દ્વારા જાહેર માહિતી અધિકારી પાસેથી નીચે મુજબની માહિતી માંગવામાં આવેલ છે.

૧. ગુજરાત રાજ્ય દ્વારા આપવામાં આવતી સ્કોલરશીપ છેલ્લા ૫ વર્ષ માં કેટલા જિલ્લા / શહેરમાં આપવામાં આવી તેની વિગત દસ્તાવેજ સ્વરૂપે આપવી.

૨. ગુજરાત રાજ્ય દ્વારા આપવામાં આવતી સ્કોલરશીપ ૫ વર્ષમાં કેટલા જિલ્લામાં ગામડા વાઇસ આપવામાં આવી તેની વિગત સ્વરૂપે આપવી.

૩. ગુજરાત રાજ્ય દ્વારા આપવામાં આવતી સ્કોલરશીપ છેલ્લા ૫ વર્ષ માં કેટલા શહેરમાં મહાનગર વાઇસ આપવામાં આવી તેની વિગત દસ્તાવેજ સ્વરૂપે આપવી.

૪. ગુજરાત રાજ્ય દ્વારા આપવામાં આવતી સ્કોલરશીપ છેલ્લા ૫ વર્ષ માં કઈ કઈ યુનિવર્સિટી / પ્રાઇવેટ યુનિવર્સિટી/ડીમ યુનિવર્સીટી માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ને આપવામાં આવી તેની વિગત દસ્તાવેજ સ્વરૂપે આપવી.

૫. ગુજરાત રાજ્ય દ્વારા આપવામાં આવતી સ્કોલરશીપ છેલ્લા ૫ વર્ષ માં  કઈ કઈ યુનિવર્સિટી ને કેટલા વિદ્યાર્થીઓને આપવી તેની વિગત દસ્તાવેજ સ્વરૂપે આપવી.

૬. ગુજરાત રાજ્ય દ્વારા આપવામાં આવતી સ્કોલરશીપ છેલ્લા ૫ વર્ષ કઈ કાઈ પ્રાઈવેટ યુનિવર્સિટી ને કેટલા વિદ્યાર્થીઓ ને આપવી તેની વિગત દસ્તાવેજ સ્વરૂપે આપવી.

૭. ગુજરાત રાજ્ય દ્વારા આપવામાં આવતી સ્કોલરશીપ છેલ્લા ૫ વર્ષ કઈ કઈ ડીમ યુનિવર્સિટી ને કેટલા વિદ્યાર્થીઓ ને આપવી તેની વિગત દસ્તાવેજ સ્વરૂપે આપવી.

૮. ગુજરાત રાજ્ય દ્વારા આપવામાં આવતી સ્કોલરશીપ છેલ્લા ૫ વર્ષ ગુજરાત યુનિવર્સિટી ના કયા કયા કોર્સમાં કેટલી સ્કોલરશીપ વિદ્યાર્થીઓ ને આપવી તેની વિગત દસ્તાવેજ સ્વરૂપે આપવી.

૯. ગુજરાત રાજ્ય દ્વારા આપવામાં આવતી સ્કોલરશીપ છેલ્લા ૩ વર્ષ સિલ્વર ઓક યુનિવર્સિટી ના કયા કયા કોર્ષ માં કેટલી સ્કોલરશીપ વિદ્યાર્થીઓ ને આપવી તેની વિગત દસ્તાવેજ સ્વરૂપે આપવી

૧૦. ગુજરાત રાજ્ય દ્વારા આપવામાં આવતી સ્કોલરશીપ છેલ્લા ૩ વર્ષ મોનાર્ક

યુનિવર્સિટી ના કયા કયા કોર્સ માં કેટલી સ્કોલરશીપ વિદ્યાર્થીઓ ને આપવી તેની વિગત દસ્તાવેજ સ્વરૂપે આપવી.

૧૧. ગુજરાત રાજ્ય દ્વરા આપવામાં આવતી સ્કોલરશીપ છેલ્લા ૩ વર્ષ કર્ણાવતી યુનિવર્સિટી ના કયા કયા કોર્ષ માં કેટલી સ્કોલરશીપ વિદ્યાર્થીઓ ને આપવી તેની વિગત દસ્તાવેજ સ્વરૂપે આપવી.

૧૨. ગુજરાત રાજય દ્વારા આપવામાં આવતી સ્કોલરશીત છેલ્લા ૩ વર્ષ સાબરમતી યુનિવર્સિટી ના કયા કયા કોર્સ માં  કેટલી સ્કોલરશીપ વિદ્યાર્થીઓ ને આપવી તેની વિગત દસ્તાવેજ સ્વરૂપે આપવી.

૧૩. ગુજરાત રાજ્ય દ્વારા આપવામાં આવતી સ્કોલરશીપ છેલ્લા ૫ વર્ષ ગુજરાત યુનિવર્સિટી ના ક્યાં ક્યાં **HPP** કોર્સ માં કેટલી સ્કોલરશીપ વિદ્યાર્થીઓ ને આપવી તેની વિગત દસ્તાવેજ સ્વરૂપે આપવી.

૩. <u>પ્રતિવિવાદી પક્ષે થયેલ કાર્યવાહી</u>

(i)<u>જાહેર માહિતી અધિકારી દ્વારા થયેલ કાર્યવાહી</u>

**જાહેર માહિતી અધિકારી અને સેક્શન અધિકારી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરે વિવાદીની અરજી જાહેર માહિતી અધિકારી અને સંયુક્ત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ ક્લાયણ, ગાંધીનગરને તા.૦૮/૦૫/૨૦૨૩ના પત્રથી તબદીલ કરવામાં આવી છે.**

**જાહેર માહિતી અધિકારી અને સેક્શન અધિકારી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરે વિવાદીને તા.૧૧/૦૫/૨૦૨૩ના પત્રથી નીચે મુજબની માહિતી/પ્રત્યુત્તર પાઠવવામાં આવે છે.**

**"સદર અરજીથી આપના દ્વારા છેલ્લા ૫ વર્ષમાં ગુજરાત રાજ્ય દ્વારા આપવામાં આવતી સ્કોલરશીપની વિગતો દસ્તાવેજ સ્વરૂપે આપવા વિનંતી કરેલ છે. જે અન્વયે આપને જણાવવાનું કે, આપના દ્વારા માંગેલ સ્કોલરશીપ અંગેની વિગતો એક કરતા વધુ જાહેર સત્તા મંડળને સંબંધિત હોઇ, ભારત સરકારની તા.૧૨/૦૬/૨૦૦૮ની કચેરી યાદી ક્રમાંક:૧૦/૦૨/૨૦૦૮આઇઆર માં જણાવેલ મુદ્દા નં.(૩) મુજબ દરેક મુદ્દા સંબધિત માહિતી માટે જે તે જાહેર સત્તા મંડળને અલગ અલગ અરજી કરવા વિનંતી છે.**

આ વિભાગ હેઠળના જાહેર સત્તાતંત્રોની વિગતો નીચે મુજબ છે.

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં-૪, ૩જો માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં-૪, ૨જો માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ભોય તળિયે, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

વધુમા જણાવવાનું કે, આપના દ્વારા માંગવામાં આવેલ માહિતી રાજ્ય સરકારના અન્ય વિભાગોને પણ સંબંધિત છે. આથી, આપને જે વિભાગને સંબંધિત માહિતી મેળવવી હોઇ. આપની કક્ષાએથી બારોબાર તે વિભાગ પાસેથી મેળવી લેવા વિનંતી છે. ”

**જાહેર માહિતી અધિકારી અને સંયુક્ત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ગાં૦ધીનગર દ્વારા તા.૩૦/૦૫/૨૦૨૩ના પત્રથી વિવાદીને જણાવવામાં આવે છે કે, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મંજૂર તેમજ નામંજૂર કરવાની કામગીરી અત્રેની કચેરી હસ્તકની જિલ્લા કચેરીઓ દ્વારા કરવામાં આવતી હોઈ તેઓએ માંગેલ માહિતી સંલગ્ન જિલ્લા કચેરીઓ પાસેથી મેળવી લેવા જણાવવામાં આવે છે. તેમજ અત્રેની કચેરીના સંલગ્ન જિલ્લા કચેરીઓના નામ તથા સરનામાની યાદીની ૩ પેજની નકલ આ સાથે સામેલ છે.**

(ii) <u>પ્રથમ અપીલની વિગત</u>

વિવાદીએ તા.૨૭/૦૫/૨૦૨૩ના રોજ પ્રથમ અપીલમાં જણાવેલ છે કે, જાહેર માહિતી અધિકારી દ્વારા આપવામાં આવેલ માહિતીથી નારાજ હોઇ, તેથી માહિતી અપાવવા રજૂઆત કરવામાં આવી છે.

(iii) <u>પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા થયેલ કાર્યવાહી</u>

પ્રથમ અપીલ અન્વયે પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા જાહેર માહિતી અધિકારી અને સેક્શન અધિકારી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા સંતોષકારક સમજ આપેલ હોઇ, તેથી જાહેર માહિતી અધિકારીના નિર્ણયને બહાલ રાખી વિવાદીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવાનો તા.૨૬/૦૬/૨૦૨૩ના રોજ હુકમ કરવામાં આવેલ છે.

૪. <u>આયોગ સમક્ષ રજૂ થયેલ બીજી અપીલની વિગતો</u>

વિવાદીએ આયોગ સમક્ષ તા.૦૪/૧૦/૨૦૨૩ ના રોજ બીજી અપીલ કરતાં જણાવેલ છે કે, જાહેર માહિતી અધિકારી દ્વારા આપવામાં આવેલ માહિતીથી અસંતોષ

છે.

૫.<u>આયોગ સમક્ષ સુનાવણી અને હુકમ</u>

(૫.૧) આયોગની આ અગાઉ પ્રથમ સુનાવણી તા.૧૭/૧૦/૨૦૨૪ના રોજ હાથ ધરવામાં આવેલ હતી. જેના અનુસંધાને તા.૩૦/૧૦/૨૦૨૪ના રોજ નીચે મુજબ આદેશ કરવામાં આવેલ હતો.

"આજરોજ આયોગ ખાતેની સુનાવણીમાં વિવાદી હાજર હતા. જાહેર માહિતી અધિકારીશ્રીના પ્રતિનિધિશ્રી અંકુર પટેલ હાજર રહેલ હતા જાહેર માહિતી અધિકારીના પ્રતિનિધિશ્રીએ જણાવેલ કે, વિવાદીએ માંગેલ માહિતી અંગે જણાવવાનું કે, માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૬(૩) નીચે બે કરતાં વધુ સત્તામંડળોને લગતી વિગત માંગેલ હોઇ, માહિતી આપેલ નથી.

આ અંગે વિવાદી દ્વારા તા.૨૭-૦૫-૨૦૨૩ના રોજ પ્રથમ અપીલ અધિકારી દાખલ કરેલ હતી.

એપેલેટ અધિકારીએ તા.૨૬-૦૩-૨૦૨૩ના રોજ હુકમ કરીને જણાવેલ કે, સ્કોલરશીપ અંગેની વિગતો સમાજ કલ્યાણ વિભાગ હેઠળ આવેલ અનુસૂચિત જાતિ કલ્યાણ, વિકસતી જાતિ કલ્યાણ, સમાજ સુરક્ષા પ્રભાગ શિક્ષણ વિભાગ અને આદિજાતી વિકાસ વિભાગ (એક કરતા વધુ જાહેર સત્તામંડળ) ને સંબંધિત હોઇ, ભારત સરકારની તા.૧૨/૦૬/૨૦૦૮ની કચેરી યાદીના અનુસંધાને સંબંધિત જાહેર સત્તા મંડળોને અલગ અલગ અરજી કરવા જણાવીને અપીલનો નિકાલ કરેલ હતો.

પ્રથમ અપીલ અધિકારીના ઉકત હુકમની સામે વિવાદીએ આયોગ ખાતે તા.૦૪-૧૦-૨૦૨૩ના રોજ અપીલ કરેલ હતી અને જણાવેલ હતું કે માંગેલ માહિતી આપવામાં આવેલ નથી.

ઉપસ્થિત રહેલ જાહેર માહિતી અધિકારીને પૂછવામાં આવેલ કે, માહિતી અધિકાર અધિનિમ-૨૦૦૫ની કલમ-(૪) મુજબ યોજનાકીય માહિતી વિભાગની વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલ છે કે, કેમ? જે અંગે ઉપસ્થિત જાહેર માહિતી અધિકારીએ જણાવેલ કે, આવી કોઈ બાબત વેબસાઈટ ઉપર મૂકવામાં આવતી નથી. સામાજીક ન્યાય અને

અધિકારીતા વિભાગ જાહેર સત્તામંડળ હોઇ, યોજનાકીય માહિતી અંગે પ્રોએક્ટિવ ડીસ્ક્લોઝર કરવા માટે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૪ માં સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની

કલમ-૪ (૧)(ખ)(૧૧) મુજબ ‘‘તમામ યોજનાઓ, સૂચિત ખર્ચ અને ચૂકવાયેલા નાણા પરના અહેવાલોની વિગતો દર્શાવતી, તેની દરેક એજન્સીને ફાળવેલ અંદાજપત્ર,’’

કલમ-૪(૧)(ખ)(૧૨) મુજબ ‘‘ફાળવેલ રકમો સહિત સબસિડી કાર્યક્રમોની અમલબજવણીની રીત અને તેવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો’’

અને કલમ-૪(૧)(ખ)(૧૩) મુજબ ‘‘આપેલ છુટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારાની વિગતો’’ વગેરે યોજનાકીય માહિતી મૂકવાની હોય છે.

આયોગે અવલોકન કર્યું હતું કે વિવાદીશ્રીએ માંગેલ માહિતી પ્રોએક્ટીવ ડિસક્લોઝરમાં જાહેર કરવાને લગતી હતી. માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૪ માં ઠરાવ્યા મુજબ તમામ યોજનાઓ, સૂચિત ખર્ચ અને ચૂકવેલ નાણા પરના અહેવાલોની વિગતો, દરેક એજન્સીને ફાળવેલ અંદાજપત્ર વગેરે યોજનાકીય માહિતી મૂકવાની હોય છે આ સંબંધે ભારત સરકાર અને રાજ્ય સરકારે તા.૨૧/૦૯/૨૦૦૭, તા.૧૪/૧૧/૨૦૦૭, તા.૨૪/૦૬/૨૦૦૮, તા.૦૧/૦૫/૨૦૦૯, તા.૨૦/૦૧/૨૦૧૦, તા.૧૧/૦૯/૨૦૧૨, તા.૦૩/૦૪/૨૦૧૩, તા.૧૫/૦૪/૨૦૧૩, તા.૨૨/૦૯/૨૦૧૪ તથા તા.૨૯/૦૬/૨૦૧૫ના રોજ વારંવાર સૂચનાઓ આપીને તમામ જાહેર સત્તામંડળોને પ્રોએક્ટીવ ડીસ્ક્લોઝર કરીને તેઓના સંત્તામંડળને લગતી અદ્યતન માહિતી દર વર્ષે વેબસાઇટ ઉપર મુકવા માટે સૂચનાઓ આપેલ છે. આમ છતાં, આ સૂચનાઓનું પાલન થયેલ હોય તેવું જણાતું નથી. આ ઉપરાંત નામ. સુપ્રિમ કોર્ટના **Writ Petition (CIVIL) No.990 OF 2021** માં નીચે મુજબ જણાવેલ છે.

***25.*** *Having examined the Right to Information*

*established by the statute under Section **3** in the context of the obligations of public authorities under Section **4.** we are of the opinion that the purpose and object of the statute will be accomplished only if the principle of accountability governs the relationship between 'right holders' and 'duty bearers' The Central and State Information Commissions have a prominent place, having a statutory recognition under Chapters III and IV of the Act and their powers and functions all enumerated in detail in Section **18** of the Act. We have also noted the special power of 'Monitoring and Reporting' conferred on the Central and State Information Commissioners which must be exercised keeping in mind the purpose and object of the Act, i.e., 'to promote transparency and accountability in working of every public authority'*

***26.** For the reasons stated above, we direct that the Central Information Commission and the State Information Commissions shall continuously monitor the implementation of the mandate of Section **4** of the Act as also prescribed by the Department of Personnel and Training in its Guidelines and Memorandums issued from time to time. The directions will also include instructions under O.M. dated **07.11.2019** issued by the Department. For this purpose, the Commissioners will also be entitled to issue recommendations under sub-Section (**5)** of Section **25** to public authorities for taking necessary steps for complying with the provisions of the Act.*

***27.** The Writ Petition (C) No. **990** of **2021** is disposed of with the direction to the Central Information Commission and the State Information Commissions to ensure proper implementation of the mandate of Section **4** of the Act, by following the directions as indicated above.*

નામદાર સુપ્રિમ કોર્ટના ઉક્ત ચૂકાદામાં જણાવ્યા પ્રમાણે પ્રોએક્ટીવ ડીસ્ક્લોઝર અદ્યતન કરવામાં આવેલ ન હોય, વિવાદીશ્રીને પ્રજાલક્ષી/વિકાસ/નિભાવના કામોની માહિતી વેબસાઇટ ઉપર ઉપલબ્ધ થઇ શકેલ નથી અને જણાવવાનું કે માહિતી અધિકાર નિયમ-૨૦૦૫ના આમુખમાં જણાવ્યા પ્રમાણે લોકશાહીની અતિઆવશ્યક કામગીરી માટે જાહેર માહિતી અધિકારીએ નાગરિકોને માહિતગાર રાખવા અને માહિતીની પારદર્શિતા જળવાય તે જરૂરી છે.

આ માહિતી પ્રોએક્ટીવ ડિસક્લોઝરમાં મૂકતી વખતે તેટલું જ ધ્યાન રાખવાનું રહે છે કે માહિતી અધિકાર નિયમ-૨૦૧૦ની કલમ-૮, ૯, ૧૦, ૧૧ અંતર્ગત માહિતી જાહેર કરવામાંથી મુક્તિ નીચે આવરી લેવાયેલ બાબતોની વિગતો પ્રકાશિત ન થાય. તે સિવાયની તમામ બાબતો સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની વેબસાઈટ પર પ્રોએક્ટીવ ડિસક્લોઝરના શિર્ષક હેઠળ આયોગના હુકમની તારીખથી દિન-૩૦માં મૂકીને તેની જાણ આયોગને કરવાની રહેશે. આમ કરવાથી આ પ્રકારની માહિતી અધિકાર અધિનિયમની અરજીઓ ઉદભવશે નહીં અને પ્રજાકીય વિકાસના કામો, નિભાવના કામોની માહિતી સુલભ રીતે પ્રજાને સુપ્રાપ્ય થશે અને તો જ માહિતીના અધિકાર અધિનિયમના આમુખમાં દર્શાવેલ ઉદ્દેશોની પરિપુર્તતા થશે અને સરકારશ્રીની હકારાત્મક છાપ પ્રજાના મનમાં ઉભી થશે જે વેદોના શાંતિમય મંત્ર ‘‘સહના ભવતુ સહનૌ ભુનક્તુ, સહવિર્યમ કરવા વહૈ તેજસ્વીનાવધીતમસ્તુ મા વિદવિશાવૈઃ’’ સાથે સુસંગત ‘‘સબકા સાથ સબકા વિકાસ’’ નો ઉદ્દેશ બર આવશે.

ઉપસ્થિત રહેલ જાહેર માહિતી અધિકારીએ જણાવેલ કે વિભાગના સક્ષમ અધિકારી શ્રી અંકુર પટેલ, સેક્શન અધિકારીશ્રી માહિતી અધિકાર અધિનિયમના નોડેલ અધિકારી છે. અસરકારક પ્રોએક્ટિવ ડીસ્ક્લોઝર ઝડપથી અને સમયમર્યાદામાં કરી શકાય તે અંગે સંકલન કરવું જરૂરી હોઇ, ઉચ્ચ અધિકારીને જાહેર માહિતી અધિકારી તરીકે નિમવા જોઇએ તેમ આયોગનું અવલોકન છે. આથી શ્રી જી.વી.પટેલ, સંયુક્ત સચિવશ્રી(સંકલન) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જાહેર માહિતી અધિકારી તરીકે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૧૯(૮)(ક)(૨) નીચે નિમણુંક કરવામાં આવે છે અને આયોગના હુકમની તારીખથી દિન-૬૦માં વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪ની સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની તમામ યોજનાકીય માહિતી જિલ્લાવાર, તાલુકાવાર, ગામવાર, લાભાર્થીના નામ સાથે વેબસાઇટ ઉપર મુકવાની રહેશે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા બજેટના જે હેડ નીચે જે કોઇ યોજનાઓ વિભાગ દ્વારા સંચાલિત થાય તે તમામ યોજનાઓનું અમલીકરણ કરતાં ખાતાના વડાઓ અને બોર્ડ કોર્પોરેશનની ઉપરયુક્ત ત્રણ વર્ષોની માહિતી સામાજિક ન્યાય

અધિકારીતા વિભાગની વેબસાઇટ ઉપર મુકવા આયોગ હુકમ કરે છે.

જેથી સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ પ્રજાલક્ષી વિકાસના કામો સંબંધિત વિગતો વિભાગની વેબસાઇટ ઉપર મૂકવામાં આવે તો રાજ્ય સરકારની હકારાત્મક છબી પ્રજામાં ઉભી થશે.

આ સંજોગોમાં આ હુકમથી નિમાયેલ જાહેર માહિતી અધિકારી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરને સૂચના આપવામાં આવે છે કે ઉપરયુક્ત કામગીરી આયોગના હુકમની તારીખથી દિન-૬૦માં પૂર્ણ કરીને આયોગનો હુકમ મળ્યાની તારીખથી દિન-૬૫માં અહેવાલ કરવાનો રહેશે. ’’

(૫.૨) ત્યારબાદ આયોગની દ્વિતીય સુનાવણી તા.૦૬/૦૩/૨૦૨૫ ના રોજ હાથ ધરવામાં આવેલ હતી. જેના અનુસંધાને તા.૧૮/૦૩/૨૦૨૫ના રોજ નીચે મુજબ આદેશ કરવામાં આવેલ હતો.

(૧) આયોગ ખાતે તા.૧૭/૧૦/૨૦૨૪ના રોજ યોજાયેલ સુનાવણીના અનુસંધાને તા.૩૦/૧૦/૨૦૨૪ના રોજ કરવામાં આવેલ આદેશોના અનુસંધાને આયોગે નીચે મુજબ આદેશો કરેલ હતા.

‘‘ઉપસ્થિત રહેલ જાહેર માહિતી અધિકારીએ જણાવેલ કે વિભાગના સક્ષમ અધિકારી શ્રી અંકુર પટેલ, સેક્શન અધિકારીશ્રી માહિતી અધિકાર અધિનિયમના નોડેલ અધિકારી છે. અસરકારક પ્રોએક્ટિવ ડીસ્ક્લોઝર ઝડપથી અને સમયમર્યાદામાં કરી શકાય તે અંગે સંકલન કરવું જરૂરી હોઇ, ઉચ્ચ અધિકારીને જાહેર માહિતી અધિકારી તરીકે નિમવા જોઇએ તેમ આયોગનું અવલોકન છે. આથી શ્રી જી.વી.પટેલ, સંયુક્ત સચિવશ્રી(સંકલન) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જાહેર માહિતી અધિકારી તરીકે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૧૯(૮)(ક)(૨) નીચે નિમણુંક કરવામાં આવે છે અને આયોગના હુકમની તારીખથી દિન-૬૦માં વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪ની સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની તમામ યોજનાકીય માહિતી જિલ્લાવાર, તાલુકાવાર, ગામવાર, લાભાર્થીના નામ સાથે વેબસાઇટ ઉપર મુકવાની રહેશે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા બજેટના જે હેડ નીચે જે કોઇ યોજનાઓ વિભાગ દ્વારા સંચાલિત થાય તે તમામ યોજનાઓનું અમલીકરણ કરતાં ખાતાના વડાઓ અને બોર્ડ કોર્પોરેશનની

ઉપરયુક્ત ત્રણ વર્ષોની માહિતી સામાજિક ન્યાય અધિકારીતા વિભાગની વેબસાઇટ ઉપર મુકવા આયોગ હુકમ કરે છે.

જેથી સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ પ્રજાલક્ષી વિકાસના કામો સંબંધિત વિગતો વિભાગની વેબસાઇટ ઉપર મૂકવામાં આવે તો રાજ્ય સરકારની હકારાત્મક છબી પ્રજામાં ઉભી થશે.

આ સંજોગોમાં આ હુકમથી નિમાયેલ જાહેર માહિતી અધિકારી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરને સૂચના આપવામાં આવે છે કે ઉપરયુક્ત કામગીરી આયોગના હુકમની તારીખથી દિન-૬૦માં પૂર્ણ કરીને આયોગનો હુકમ મળ્યાની તારીખથી દિન-૬૫માં અહેવાલ કરવાનો રહેશે."

(૨) જેના અનુસંધાને સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના સંયુક્ત સચીવશ્રીએ તા.૨૭/૧૨/૨૦૨૪ના પત્રથી વિભાગમાં ૨૦ જેટલા જાહેર માહિતી અધિકારી અને નોડલ અધિકારી તરીકે નાયબ સચિવશ્રી(મહેકમ)ની નિમણુંક કરવામાં આવેલ હોઇ, તેમની નિમણુંક રદ કરવા માટે રજૂઆત કરેલ હતી. જે આયોગ માન્ય રાખે છે.

(3) જેના અનુસંધાને આજરોજ યોજાયેલ સુનાવણીમાં વિભાગના ઉક્ત પત્રના અનુસંધાને સુનાવણી હાથ ધરવામાં આવેલ હતી. જેમાં GSWAN પર સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની વેબસાઇટમાં જણાવવામાં આવ્યા મુજબ વિભાગ હેઠળના ચાર ખાતાના વડા અને આઠ કોર્પોરેશન છે તેમ જણાવવામાં આવેલ છે. જ્યારે જાહેર માહિતી અધિકારીશ્રીએ જણાવેલ છે કે, વિભાગ નીચે ચાર ખાતાના વડા અને ૧૦ નિગમો આવેલ છે. માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૪ હેઠળ પ્રોએક્ટીવ ડિસક્લોઝર હેઠળ મુકવામાં આવેલ માહિતીનું આયોગે સંકલન કરેલ હતુ જે ઉપસ્થિત રહેલપ્રથમ અપીલ અધિકારી અને જાહેર માહિતી અધિકારીને સદર પત્રક વાંચી સંભળાવવામાં આવેલ હતુ જેની વિગતો નીચે મુજબ છે.

| | |
|---|---|
| Director, Scheduled Caste Welfare | http://sje.gujarat.gov.in |
| Director, Developing Castes Welfare | http://sje.gujarat.gov.in |
| Director, Social Defense | http://sje.gujarat.gov.in |
| Commissioner, Person with Disabilities | http://sje.gujarat.gov.in |
| Gujarat Schedule Caste Development Corporation | http://sje.gujarat.gov.in |
| Gujarat Backward Classes Development Corporation | http://sje.gujarat.gov.in |
| Gujarat Safai Kamdar Development Corporation | http://sje.gujarat.gov.in |
| Gujarat Thakore and Koli Development Corporation | http://sje.gujarat.gov.in |
| Gujarat Minority Finance and Development Corporation | http://sje.gujarat.gov.in |

| | |
|---|---|
| Gujarat Gopalak Development Corporation | http://sje.gujarat.gov.in |
| Dr.Ambedkar Antyodaya Development Corporation (s.c.) | http://sje.gujarat.gov.in |
| GUJARAT NOMADIC AND DENOTIFIED TRIBES DEVELOPMENT CORPORATION | https://sje.gujarat.gov.in/gntdnt/home |

| | | | |
|---|---|---|---|
| Department Of Social Justice & Empowerment | http://sje.gujarat.gov.in | યોજનાઓનું નામ | આંકડાકીય માહિતી આપેલ છે. |
| | | આર્થિક ઉત્કર્ષ યોજનાઓ | ફાળવેલ ગ્રાન્ટ અને ખર્ચ આંકડીકીય વિગતો છે. |
| | | પંડિત દિનદયાલ ઉપાધ્યાય આવાસ યોજના | આંકડાકીય માહિતી આપી છે. |
| | | કુવરબાઇનું મોમેરું અને તમામ યોજનાઓમાં | આંકડાકીય માહિતી આપી છે. |
| | | | લાભાર્થીના નામ, ગામ વાર માહિતી આપેલ નથી. |
| Director, Developing Castes Welfare | http://sje.gujarat.gov.in | | લાભાર્થીઓની વિગતો મુકેલ નથી. માત્ર યોજનાઓની ટુંકી વિગતો છે. |
| Director, Social Defense | http://sje.gujarat.gov.in | કોઇ યોજનાકીય કાર્યવાહી કરવામાં આવતી નથી. | |
| Commissioner, Person with Disabilities | http://sje.gujarat.gov.in | લેપટોપ યોજનાની વિગતો છે. લાભાર્થીઓની નામની સરનામા, મોબાઇલ નંબર, આવકની વિગતો તા.૦૫/૦૮/૨૦૨૦ની સ્થિતિએ મૂકેલ છે. | |
| | | મારૂતી ઇકોવાન | ૧૦૦ લાભાર્થીઓની નામની સરનામા, મોબાઇલ નંબર, આવકની વિગતો તા.૦૫/૦૮/૨૦૨૦ની સ્થિતિએ મૂકેલ છે.<br><br>માત્ર નામ મેળવેલ સહાયની વિગતો મૂકવાની હોઇ અન્ય માહિતી અંગત માહિતી બનતી હોઇ સરનામું મોબાઇલ નંબર, આવક વિગરે મૂકવાની થાય નહીં છતાં મૂકેલ છે. |
| | | બેંકેબલ યોજના | લાભાર્થીઓની આંકડાકીય માહિતી વર્ષ-૨૦૧૭-૧૮ સુધીની મૂકેલી છે. અદ્યતન નથી નામ નથી. |
| | | સીધા ધિરાણ યોજના | આંકડાકીય માહિતી વર્ષ-૨૦૧૮ |

| | | | |
|---|---|---|---|
| | | | સુધી નામ નથી. |
| | | પશુપાલન યોજના | નામ, સરનામું, મોબાઈલ નંબર, આવક ૧૦ લાભાર્થીની વિગત તા.૪/૩/૨૦૨૦ની સ્થિતિએ. |
| Gujarat Schedule Caste Development Corporation | http://sje.gujarat.gov.in | લાભાર્થીઓની માત્ર આંકડાકીય માહિતી મૂકેલ છે નામવાર, ગામવાર માહિતી મૂકેલ નથી. યોજનાના નામ સાથે માહિતી મૂકેલ નથી. | |
| Gujarat Safai Kamdar Development Corporation | http://sje.gujarat.gov.in | SRMS યોજના લાભાર્થીઓની ૧૪૧ પાનાની વિગતો મૂકેલ છે. ૨૦૧૭-૧૮ થી ૨૦૨૪-૨૫ સુધીના જુદી જુદી ધિરાણ હેઠળના લાભાર્થીઓ ૨૪૦ ની માહિતી મૂકેલ છે. | |
| Gujarat Thakore and Koli Development Corporation | http://sje.gujarat.gov.in | લાભાર્થીઓની કોઇ વિગતો મૂકવામાં આવેલ નથી. | |
| Gujarat Minority Finance and Development Corporation | http://sje.gujarat.gov.in | લાભાર્થીઓની કોઇ વિગતો મૂકવામાં આવેલ નથી. | |
| Gujarat Gopalak Development Corporation | http://sje.gujarat.gov.in | કોઇ માહિતી મૂકેલ નથી. | |
| Dr.Ambedkar Antyodaya Development Corporation (s.c.) | http://sje.gujarat.gov.in | કોઇ માહિતી મૂકેલ નથી. | |
| GUJARAT NOMADIC AND DENOTIFIED TRIBES DEVELOPMENT CORPORATION | http://sje.gujarat.gov.in | લાભાર્થીઓની યાદી વર્ષ -૨૦૨૨-૨૩ સુધી મૂકવામાં આવી છે. પછી થી મૂકવામાં આવી નથી. | |

(૪) આમ, તેવુ માનવાને કારણ રહે છે કે, સામાજીક ન્યાય અધિકારીતા વિભાગ હેઠળ કાર્યરત ખાતાઓના વડા દ્વારા અને સંબંધિત કોર્પોરેશનો દ્વારા માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૪ માં પ્રોએક્ટીવ ડિસક્લોઝર હેઠળ મુકવાની થતી માહિતી મુકેલ નથી.

(૫) સદર માહિતી સંબંધીત ખાતાના વડા અને કોર્પોરેશનની વેબસાઇટ ઉપર મુકવામાં આવશે તો, તેનાથી રાજ્ય સરકારની અનુસુચિત જાતી, અનુસુચિત જનજાતી અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. અને રાજ્યના કેટલા કુટૂંબોને રાજ્ય સરકારશ્રી દ્વારા સંચાલિત અનેકવિધ યોજનાઓનો લાભ આપવામાં આવેલ છે તે બાબત સિધ્ધ થઇ શકશે.

(૬) પરંતુ સદર હુકમમાં જણાવ્યા પ્રમાણે પ્રોએક્ટીવ ડિસક્લોઝરની કામગીરી હજૂ

સુધી પૂર્ણ થયેલ હોય તેમ જણાતું નથી. આ સંજોગોમાં આયોગ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૪ પ્રમાણે પ્રોએક્ટીવ ડિસક્લોઝરમાં મુકવાની થતી વિગતો યોજનાનુ નામ, લાભાર્થીના નામ, ગામ, તાલુકો અને જિલ્લો આપવામાં આવેલ સહાયની વિગતો સામે માહિતી મૂકવા માટે પુન: આદેશો કરે છે અને તા.૨૭/૧૨/૨૦૨૪ના પત્રમાં જણાવ્યા પ્રમાણે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના ખાતાના વડા અને કોર્પોરેશનના કયા અધિકારીશ્રી સદર કામગીરી પૂર્ણ કરશે અથવા કરાવશે તે અંગેની વિગતો સાથે આગામી સુનાવણીમાં હાજર થવાનું રહેશે. આ અંગેની આગામી સુનાવણી તા.૨૭/૦૩/૨૦૨૪ના રોજ હાથ ધરવામાં આવશે.

આજની સુનાવણી મોકુફ રાખવામાં આવે છે."

(૫.૩) ત્યારબાદ આયોગની તૃતીય સુનાવણી તા.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ હાથ ધરવામાં આવેલ હતી. જેના અનુસંધાને તા.૨૭/૦૩/૨૦૨૫ના રોજ નીચે મુજબ આદેશ કરવામાં આવેલ હતો.

"(૧) આજરોજ તા.૦૬/૦૩/૨૦૨૫ના રોજ યોજાયેલ સુનાવણીના અનુસંધાને તા.૧૮/૦૩/૨૦૨૫ના રોજ કરવામાં આવેલ હુકમના અનુસંધાને સુનાવણી હાથ ધરવામાં આવેલ હતી.

(૨) વિવાદીએ તા.૨૬/૦૩/૨૦૨૫ના ઈ-મેઈલથી આયોગને જણાવેલ છે કે તેઓને જરૂરી માહિતી મળી ગયેલ છે. જ્યારે બીજી બાજુ તા.૨૬/૦૩/૨૦૨૫ના રોજ જાહેર માહિતી અધિકારી અને સેક્શન અધિકારી (સંકલન), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરે જણાવેલ છે કે આયોગનો તા.૧૮/૦૩/૨૦૨૫નો હુકમ તેઓને તા.૨૬/૦૩/૨૦૨૫ ના રોજ મળેલ હોવાથી તેઓએ સદર સુનાવણીમાં ટૂંકી મુદ્દતમાં હાજર રહી શકે તેમ નથી.

આજની સુનાવણી મોકૂફ રાખવામાં આવે છે."

(૫.૪) ત્યારબાદ આયોગની ચતુર્થ સુનાવણી તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ હાથ ધરવામાં આવેલ હતી. જેના અનુસંધાને તા.૦૬/૦૫/૨૦૨૫ના રોજ નીચે મુજબ આદેશ કરવામાં આવેલ હતો.

" આજરોજ જાહેર માહિતી અધિકારીશ્રી અને પ્રથમ અપીલ અધિકારીશ્રી હાજર રહેલ છે અને તેઓએ જણાવેલ કે, હજુ સુધી તેઓને આયોગના તા.૧૮/૦૩/૨૦૨૫નો આદેશ મળેલ નથી. આ સંજોગોમાં

સદર આદેશ આપવામાં આવે તો તેઓ જરૂરી કાર્યવાહી હાથ ધરશે. આજ રોજ તેઓને પુનઃ સદર હુકમ આપવા માટે આદેશ કરે છે અને આજની સુનાવણી મોકુફ રાખવામાં આવે છે."

(૫.૫) આજરોજ આયોગ ખાતે યોજાયેલ સુનાવણીમાં વિવાદીશ્રી હાજર રહેલ ન હતા. જાહેર માહિતી અધિકારી અને સંયુક્ત નિયામકના પ્રતિનિધિ શ્રી જી.ટી. પરીખ, સમાજ કલ્યાણ અધિકારી આયોગ સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહેલ હતા. જાહેર માહિતી અધિકારી અને સેક્શન અધિકારીશ્રી તથા પ્રથમ અપીલ અધિકારી અને ઉપસચિવશ્રી (વિ.જા.ક.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફથી તેઓ અથવા તેઓના કોઈ પ્રતિનિધિ ઉપસ્થિત રહેલ નથી.

(૫.૬) જાહેર માહિતી અધિકારી અને સેક્શન અધિકારીના તા.૩૦/૦૪/૨૦૨૫નો લેખિત અહેવાલ કે જે આયોગને તા.૦૭/૦૫/૨૦૨૫ના રોજ મળેલ છે જે નીચે મુજબ છે.

*" ઉપરોક્ત વિષય પરત્વેની અરજદારશ્રી વિજય ડી. યાદવની માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળની બીજી અપીલ અરજી નં. અ-૫૩૨૬-૨૦૨૩ અન્વયેના આપનાં તા. ૧૮/૦૩/૨૦૨૫ના વચગાળાના હુકમ પરત્વે જણાવવાનું કે, માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની જોગવાઈ મુજબ જાહેર સત્તામંડળ પોતે જે માહિતીનો પ્રત્યેક્ષ રૂપે કબજો ધરાવતું હોય તે જ માહિતી પ્રો-એક્ટિવ ડિસક્લોઝર તરીકે સંત્તામંડળની વેબસાઈટ પર મૂકવાની થાય છે. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ એક જાહેર સત્તામંડળ તરીકે બીજાઓની સીધી રીતે અમલવારી કરતું ન હોઈ આ સાથે સામેલ કાયદા વિભાગના અભિપ્રાય મુજબ એક સત્તામંડળ તરીકે પોતાના પ્રો-એક્ટિવ ડિસક્લોઝરમાં જાહેર કરવાની રહેતી નથી.*

*વધુમાં વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરીઓ/નિગમમાં યોજનાઓનું અમલીકરણ કરતી હોઈ તેમજ પોતાના વડાની કચેરીઓ/નિગમો આ અધિનિયમની કલમ-૨(ઝ) હેઠળ એક અલગ જાહેર સતામંડળ ઘોષિત થયેલ હોઈ, ગુજરાત માહિતી આયોગના તા. ૧૮/૦૩/૨૦૨૫ ના વચગાળાના હુકમ મુજબ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૪ પ્રમાણે પ્રો-એક્ટિવ ડિસક્લોઝરમાં મુકવાની થતી વિગતો જે તે જાહેર સતામંડળે જ મુકવાની થાય છે.*

આ બાબતે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૧૯(૮)(ક) (3) મુજબ ગુજરાત માહિતી આયોગ જે તે સત્તામંડળને સીધી જ સૂચના આપી શકે છે. જેથી આ નીચે દર્શાવેલ સત્તામંડળને ઉક્ત વિગતો તેમની વેબસાઈટ પર મુકવા સારૂ કાયદાનુસાર આયોગ તરફથી સીધી જ સુચના આપવા વિનંતી છે.

૧ <u>નિયામક, અનુસૂચિતજાતિ કલ્યાણ</u>

૨ <u>નિયામક, વિકસતી જાતિ કલ્યાણ</u>

3 <u>નિયામક, સમાજ સુરક્ષા</u>

૪ <u>ગુજરાત અનુસૂચિતજાતિ વિકાસ નિગમ</u>

૫ <u>ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ</u>

૬ <u>ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ</u>

૭ <u>ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ</u>

૮ <u>ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ</u>

૯ <u>ગુજરાત ગોપાલક વિકાસ નિગમ</u>

૧૦ <u>ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અનુ. જાતિ)</u>

૧૧ <u>ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ</u>

૧૨ <u>ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થીક વિકાસ નિગમ</u>

૧3 <u>ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમ</u>

૧૪ <u>ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણા અને વિકાસ નિગમ</u>

વધુમાં આયોગના તા. ૨૭/03/૨૦૨૫ના વચગાળાના હુકમમાં જણાવ્યા મુજબ અરજદારશ્રીને જરૂરી માહિતી મળી ગયેલ છે તેમ તા. ૨૬/03/૨૦૨૫ના ઈ-મેઈલથી અરજદારશ્રીએ આયોગને જણાવેલ છે.

આમ અરજદારશ્રી વિજય ડી. યાદવ તા. 0૪-૧0-૨0૧3ની બીજી અપીલ અરજી અ-૫૩૨૬-૨૦૨૩ પરત્વે અરજદારશ્રીને જરૂરી માહિતી મળી ગયેલ હોઈ તેમજ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે એક જાહેર સત્તામંડળ તરીકે આવી વિગતો પોતાના પ્રો-એક્ટિવ ડિસક્લોઝરમાં જાહેર કરવાની રહેતી ન હોઈ તેમજ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૪ પ્રમાણે પ્રો-એક્ટીવ ડિસકલોઝરમાં મુકવાની થતી વિગતો જે તે જાહેર સતામંડળે જ

*મુકવાની થતી હોવાથી અરજદાર વિજય ડી. યાદવની તા. ૦૪/૧૦/૨૦૨૩ની બીજી અપીલ અરજી-૫૩૨૬-૨૦૨૩ના પ્રતિવાદી પક્ષકારમાંથી મને જાહેર માહિતી અધિકારી અને સેકશન અધિકારી(અ-૧) તરીકે તથા અપીલ અધિકારી અને ઉપ સચિવશ્રી(વિજાક)ને મુક્ત કરવા વિનંતી છે કારણ કે મારે જાહેર માહિતી અધિકારી અને સેક્શન અધિકારી(અ-૧) તરીકે તથા અપીલ અધિકારીથી અને ઉપ સચિવશ્રી(વિજાક)એ સદર બાબતે હવે પછી કોઈ કાયદાનુસારની કાર્યવાહી કરવાની રહેતી નથી."*

(૫.૭) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેક્શન અધિકારી દ્વારા આયોગને લખાયેલ તા.૩૦/૦૪/૨૦૨૫નો ઉપર જણાવેલ પત્ર તે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની વિભાવના અને કાયદાકીય જોગવાઈઓની વિરુદ્ધ છે. જાહેર માહિતી અધિકારી અને સેક્શન અધિકારીએ તેઓના વિભાગના તાબા હેઠળના ૧૪ ખાતાઓના વડાઓ અને બોર્ડ / નિગમો ની યાદી આપીને આયોગ તરફથી સીધી સૂચના આપી પ્રો-એક્ટિવ ડિસક્લોઝર અદ્યતન કરવા માટે હુકમ કરવા માટે જે રજૂઆત કરેલ છે તે બાબત કાયદા સાથે સુસંગત નથી તેમ આયોગ દ્રઢપણે માને છે. આ કામગીરી નિયત કરેલ સમયમર્યાદામાં પૂર્ણ કરાવવાની જવાબદારી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના નોડલ અધિકારીની છે. આ બાબતે આયોગે તા.૩૦/૧૦/૨૦૨૪ના આદેશમાં દિન-૬૦માં સદર કામગીરી પૂર્ણ કરાવવા અંગેના આદેશો અને ત્યારબાદના તા.૧૮/૦૩/૨૦૨૫, તા.૨૭/૦૩/૨૦૨૫ અને તા.૦૬/૦૫/૨૦૨૫ના હુકમની અવહેલના કરીને હજુ સુધી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ નથી તેની આયોગ ગંભીર નોંધ લે છે.

(૫.૮) તા.૩૦/૧૦/૨૦૨૪ના આદેશમાં આ બાબતે ભારત સરકાર અને રાજ્ય સરકાર કેટલી ગંભીર છે તે વિદિત થાય તે માટે ભારત સરકાર અને રાજ્ય સરકારના તા.૨૧/૦૯/૨૦૦૭, તા.૧૪/૧૧/૨૦૦૭, તા.૨૪/૦૬/૨૦૦૮, તા.૦૧/૦૫/૨૦૦૯, તા.૨૦/૦૧/૨૦૧૦, તા.૧૧/૦૯/૨૦૧૨, તા.૦૩/૦૪/૨૦૧૩, તા.૧૫/૦૪/૨૦૧૩, તા.૨૨/૦૯/૨૦૧૪ તથા તા.૨૯/૦૬/૨૦૧૫ના રોજની સૂચનાઓ તરફ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેક્શન અધિકારી, પ્રથમ અપીલ સત્તાધિકારીનું આયોગ દ્વારા ધ્યાન દોરવા છતાં આઠ મહિના બાદ પણ કામગીરી પૂર્ણ કરવામાં આવેલ નથી કે કરાવવામાં આવેલ નથી. ઉચ્ચ કક્ષાએથી

તમામ ખાતાઓના વડાઓ અને બોર્ડ નિગમોના મેનેજીંગ ડિરેક્ટરશ્રીઓ સાથે આ બાબતે સંકલન થઈ શકે તે માટે આયોગ ખાતે તા.૧૭/૧૦/૨૦૨૪ના રોજ યોજાયેલ સુનાવણીમાં હાજર રહેલ જાહેર માહિતી અધિકારી દ્વારા આયોગને આપવામાં આવેલ માહિતી પ્રમાણે સદર કામગીરી અસરકારક રીતે, ઝડપથી અને સમયમર્યાદામાં થાય તે માટે સંયુક્ત સચિવશ્રી (સંકલન) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગને આયોગના સ્પષ્ટ આદેશો છતાં પણ આ કામગીરી હજુ સુધી પૂર્ણ કરવામાં આવેલ નથી અને આયોગને કાયદા વિભાગ પાસેથી આ બાબતે મંતવ્ય મેળવીને મોકલી આપેલ છે જે યોગ્ય નથી. આયોગને આ કામગીરી વિભાગના કયા અધિકારી દ્વારા કરવામાં/કરાવવામાં આવે છે તે બાબતે કોઈ રસ ન હોઈ શકે.

(૫.૯) આયોગ માત્ર માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૪ હેઠળ પ્રો-એક્ટીવ ડિસક્લોઝર બાબતે ઉપર જણાવ્યા પ્રમાણેના ભારત સરકાર અને રાજ્ય સરકારના વિવિધ સૂચનાઓ અને આ બાબતે નામ. સુપ્રિમ કોર્ટના **Writ Petition (CIVIL) No.990 OF 2021 Kishan Chand Jain V/s Union Of India & Ors**માં તા.૦૯/૧૦/૨૦૨૩ના રોજ આપવામાં આવેલ ચૂકાદામાં જણાવ્યા પ્રમાણેની (ચુકાદો નીચે જણાવેલ છે.) કામગીરી પૂર્ણ થાય અને ગુજરાતની પ્રજા સામાજિક અને ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતી અને હાથ ધરાયેલ વિકાસની યોજનાઓ સંબંધી માહિતીથી સુમાહિતગાર થાય તેમાં જ રસ ધરાવે છે.

‘25. **Having examined the Right to Information established by the statute under Section** 3 **in the context of the obligations of public authorities under Section** 4. **we are of the opinion** are of the opinion that the purpose and object of the statute will be accomplished only if the principle of accountability governs the relationship between 'right holders' and 'duty bearers' The Central and State Information Commissions have a prominent place, having a statutory recognition under Chapters III and IV of the Act and their powers and functions all enumerated in detail in Section 18 of the Act. We have also noted the special power of 'Monitoring and Reporting' conferred on the Central and State Information Commissioners which must be exercised keeping in mind the purpose and object of the Act, i.e., 'to promote transparency and accountability in working of every public authority'…….

26. For the reasons stated above, we direct that the Central Information Commission and the State Information Commissions shall continuously monitor the implementation of the mandate of Section 4 of the Act as also prescribed by the Department of Personnel and Training in its Guidelines and Memorandums issued from time to time. The directions will also include instructions under O.M. dated **07.11.2019** issued by the Department. For this purpose, the Commissioners will also be entitled to issue recommendations under sub- Section (5) of Section **25** to public authorities for taking necessary steps for complying with the provisions of the Act.

27. **The Writ Petition (C) No.** 990 **of 2021 is disposed of with the direction to the Central Information Commission and the State Information Commissions to ensure proper implementation of the mandate of Section** 4 **of the Act, by following the directions as indicated above.''**

આ બાબતે રાજ્ય સરકાર પણ અત્યંત ગંભીર છે અને આથી જ તા.૦૬/૦૫/૨૦૨૫ના રોજ સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક **GAD/MRT/e-file/1/2023/1655/RTI Cell,** સચિવાલય, ગાંધીનગર દ્વારા આ બાબતે ગુજરાત માહિતી આયોગના સને ૨૦૨૩ - ૨૪ની વાર્ષિક અહેવાલમાં કરવામાં આવેલ ભલામણના અનુસંધાને નીચે મુજબ સૂચના આપેલ છે.

"દરેક જાહેર સત્તા મંડળે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૪(૧)(૫)માં દર્શાવ્યા મુજબની ૧૭ મુદ્દાઓ અંગેની માહિતી સંપૂર્ણ રીતે તૈયાર કરી તે અદ્યતન કર્યા અંગેનું પ્રમાણપત્ર **E-Sarkar** માં **RTI Module** અંતર્ગત **'PAD Annexures Module"** માં અપલોડ કરવાનું રહેશે.

(૧) સંદર્ભ (૪) તા.૦૧-૦૫-૨૦૦૯ ના ઠરાવની સુચના અનુસારની કાર્યવાહિ દર વર્ષની તા.30મી જૂન સુધીમાં પુરી કરીને તે અંગેનું આ સાથેના એનેક્ષર-એ પ્રમાણપત્ર દર વર્ષની તા. ૧૫મી જુલાઈ સુધીમાં "**PAD Annexures**

**Module"** માંઅપલોડ કરવાનું રહેશે.

**(૨)** સચિવાલયના વહીવટી વિભાગે તેમના અ.મુ.સ.શ્રી / અગ્રસચિવશ્રી/ સચિવશ્રીની સહીથી વિભાગ (પ્રોપર) માટે આ સાથેના એનેક્ષર-બીમાં દર્શાવ્યા મુજબના નમૂનામાં પ્રમાણપત્ર સા.વ.વિભાગને જે તે વર્ષની તા. 30મી જુન સુધીમાં "**PAD Annexures Module"** માં અપલોડ કરવાનું રહેશે.

(3) ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખથી રાજયના તમામ જાહેર સત્તામંડળો જે હાલ ઈ-સરકારમાં જોડાયેલ છે તેમને લાગુ પડશે તેમજ જે કચેરીઓ ઈ-સરકારમાં જોડાયેલ નથી તેમાણે સંદર્ભ (૪) ના ઠરાવની સુચના મુજબની કાર્યવાહિ ઓફલાઈન કરવાનું રહેશે .

**(૪)** સંદર્ભ (૪) ના ઠરાવની સુચનાઓ યથાવત રહેશે.

વધુમાં માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૪(૧)(ખ) હેઠળ દરેક જાહેર સત્તામંડળીએ ૧૭ મુદ્દાની માહિતી (પ્રોએક્ટીવ ડીસ્કલોઝર) તૈયાર કરીને પ્રસિધ્ધ કરવાની રહે છે અને ત્યારપછી દર વર્ષે આ માહિતીને અદ્યતન કરવાની રહે છે.

૨. દરેક જાહેર સત્તામંઠળોને પ્રોએકટીવ ડીસ્કલોઝરની માહિતી તૈયાર કરીને પ્રસિધ્ધ કરવાની વિગતવાર સૂચનાઓ ઉપર વંચાણે લીધેલ સંદર્ભ (૪) તા.૦૧-૦૫-૨૦૦૯ ના સમાનાંકી પરિપત્રથી પરિપત્રિત કરવામાં આવેલ છે. આમ છતાં દરેક જાહેર સત્તામંડળો ધ્વારા માહિતીનો અધિકાર અધિનિયમ- ૨૦૦૫ ની આ જોગવાઈનો ચુસ્ત અમલ કરવામાં આવતો નથી તેવી રજૂઆતો નાગરિકો ધ્વારા સરકારશ્રીને અવારનવાર કરવામાં આવે છે.

૩. માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ ૪(૧)(ખ) હેઠળની માહિતી તૈયાર કરીને પ્રસિધ્ધ કરવાની અને આ માહિતીને દર વર્ષે અદ્યતન કરવાની તથા વેબસાઈટ

ઉપર પણ પ્રસિધ્ધ કરવાની દરેક જાહેર સત્તામંડળની કાયદાકીય જવાબદારી બને છે. દરેક જાહેર સત્તામંડળે કાયદાની આ જોગવાઈઓ લક્ષમાં લઈને વધુમાં વધુ માહિતી આપમેળે પુરી પાડવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ કે જેથી લોકોને માહિતી મેળવવા માટે આ અધિનિયમના ઉપયોગની ઓછામાં ઓછી જરૂર પડે. આ માહિતી લોકો સહેલાઈથી જોઈ શકે તે સ્વરૂપે અને તે રીતે તેનો બહોળો પ્રસાર દરેક જાહેર સત્તામંડળે કરવો જોઈએ. આપના નિયંત્રણ હેઠળના જાહેર સત્તામંડળો કાયદાની કલમ-૪(૧)(ખ) માં દર્શાવેલ મુદ્દાઓની માહિતી તૈયાર કરી પ્રસિધ્ધ કરે અને દર વર્ષે આ માહિતીને અદ્યતન કરીને કાયદાકીય જવાબદારી નિભાવે તે માટે જરૂરી સૂચનાઓ દરેક સત્તામંડળને આ વિભાગની તા.૦૧-૦૫-૦૯ ના સમાનાંકી પરિપત્રની સૂચનાઓ ધ્યાને લઈને તાકિદે પરિપત્રિત કરવા વિનંતી કરવામાં આવે છે.

૪. આ મુજબ તૈયાર કરવામાં આવેલ **P.A.D.** નાગરીકોને વિનામૂલ્યે પુરા પાડવાનાં છે કે ઠરાવવામાં આવે તેવી કિંમતે અથવા છપામણી ખર્ચની કિંમતે પુરા પાડવાનાં છે તે દરેક જાહેર સત્તા મંડળે નકકી કરી લેવાનું રહે છે.

૫. પ્રત્યેક વિભાગ અને વિભાગ હસ્તકના જાહેર સત્તામંડળ પાસેથી માંગવામાં આવતી માહિતીનું એનાલીસીસ (પૃથ્થકરણ) કરી માંગવામાં આવતી માહિતી પૈકી જે માહિતી વારંવાર અથવા અનેક જુદી જુદી અરજીઓ દ્વારા માંગવામાં આવતી હોય તેવી માહિતી પ્રો-એકટીવ ડીસ્કલોઝરના ભાગરૂપે વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવે.

૬. રાજય સરકાર દ્વારા ગેરકાયદેસર બાંધકામ અને દબાણ સંદર્ભે કરેલ કાર્યવાહીના રેકર્ડ, આપવામાં આવતી વિવિધ પરમીટ, લાયસન્સ, પરવાનગી, અધિકૃતિઓની મંજૂરીની

વિગતો સ્વયં પ્રસિદ્ધ કરવામાં આવે. આ ઉપરાંત, આ માટે નાગરિક/અરજદાર દ્વારા અરજી કરવામાં આવ્યા બાદ તેઓની અરજી પરત્વે થતી પ્રગતિથી નાગરિક વાકેફ રહી શકે તે હેતુસર મંજૂરીના પ્રત્યેક તબક્કે નાગરિક અરજદારને મેસેજ/ઈ-મેઈલથી આપોઆપ જાણ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા અંગે સૂચના આપવામાં આવે છે. આમ, આપના નિયંત્રણ હેઠળના જાહેર સત્તામંડળો કાયદાની કલમ-૪(૧)(ખ) માં દર્શાવેલા મુદ્દાઓની માહિતી તૈયાર કરી પ્રસિધ્ધ કરે અને દર વર્ષે આ માહિતી અદ્યતન કરીને કયદાકીય જવાબદારી નિભાવે તે માટે જરૂરી સૂચનાઓ દરેક જાહેર સત્તામંડળને આ વિભાગના તા.૦૧/૦૫/૨૦૦૯ ના સમાનંકી પરિપત્રની સૂચનાઓ ધ્યાને લઈ પરિપત્રિત કરવા વિનંતી કરવામાં આવે છે."

(૫.૧૦) આમ, નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વારંવારની સૂચનાઓ, આયોગના તા.૩૦/૧૦/૨૦૨૪, તા.૧૮/૦૩/૨૦૨૫, તા.૨૭/૦૩/૨૦૨૫ અને તા.૦૬/૦૫/૨૦૨૫ ના સતત પ્રયત્નો છતાં પણ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના ખાતાના વડા અને બોર્ડ નિગમોની વેબસાઈટોનો અભ્યાસ કરતા જણાઈ આવે છે કે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૪(૧)(ખ)માં નિર્દિષ્ટ નીચેની પેટા કલમોમાં જણાવેલ દરેક વિકાસલક્ષી યોજનાકીય બાબતો જેવી કે ફાળવેલ નાણાં, થયેલ ખર્ચ/ ચૂકવેલ નાણાં, વિભાગ દ્વારા આયોજિત અને ખાતાના વડા અને બોર્ડ નિગમો સંચાલિત વિકાસલક્ષી કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો (ગામવાર, તાલુકાવાર, જિલ્લાવાર) મૂકવામાં આવેલ નથી.

<u>કલમ-૪(૧)(ખ)(૧૧)</u> મુજબ ''તમામ યોજનાઓ, સૂચિત ખર્ચ અને ચૂકવાયેલા નાણા પરના અહેવાલોની વિગતો દર્શાવતી, તેની દરેક એજન્સીને ફાળવેલ અંદાજપત્ર,"

<u>કલમ-૪(૧)(ખ)(૧૨)</u> મુજબ ' 'ફાળવેલ રકમો સહિત સબસિડી કાર્યક્રમોની અમલબજવણીની રીત અને તેવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો" અને

<u>કલમ-૪(૧)(ખ)(૧૩)</u> મુજબ ''આપેલ છુટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ

મેળવનારાની વિગતો” વગેરે યોજનાકીય માહિતી મૂકવાની હોય છે.

(૫.૧૧) આ અંગે વિભાગને મદદરૂપ થવાય તે હેતુથી આયોગના તા.૧૮/03/૨૦૨૫ના વચગાળાના હુકમમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની ખાતાના વડાઓ અને બોર્ડ નિગમોની વેબસાઈટોમાં પ્રો-એક્ટીવ ડિસક્લોઝરના મુદ્દા નં. (૧૧), (૧૨) અને (૧3) માં હાલ મૂકવામાં આવેલ વિગતો અંગે સંક્ષિપ્તમાં તૈયાર કરેલ ટેબલ પુન: અત્રે રજૂ છે. જેનો અભ્યાસ કરતાં જણાશે કે કાયદાનુસાર કાર્યવાહી થયેલ નથી.

તા.૧૮/03/૨૦૨૫ની સ્થિતિએ વેબસાઈટ પર નીચે મુજબ માહિતી મૂકવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| Department Of Social Justice & Empowerment | http://sje.gujarat.gov.in | યોજનાઓનું નામ | આંકડાકીય માહિતી આપેલ છે. |
| | | આર્થિક ઉત્કર્ષ યોજનાઓ | ફાળવેલ ગ્રાન્ટ અને ખર્ચ આંકડીકીય વિગતો છે. |
| | | પંડિત દિનદયાલ ઉપાધ્યાય આવાસ યોજના | આંકડાકીય માહિતી આપી છે. |
| | | કુવરબાઇનું મોમેરું અને તમામ યોજનાઓમાં | આંકડાકીય માહિતી આપી છે. |
| | | | લાભાર્થીના નામ, ગામ વાર માહિતી આપેલ નથી. |
| Director, Developing Castes Welfare | http://sje.gujarat.gov.in | | લાભાર્થીઓની વિગતો મુકેલ નથી. માત્ર યોજનાઓની ટુંકી વિગતો છે. |
| Director, Social Defense | http://sje.gujarat.gov.in | કોઇ યોજનાકીય કાર્યવાહી કરવામાં આવતી નથી. | |
| Commissioner, Person with Disabilities | http://sje.gujarat.gov.in | લેપટોપ યોજનાની વિગતો છે. લાભાર્થીઓની નામની સરનામા, મોબાઇલ નંબર, આવકની વિગતો તા.૦૫/૦૮/૨૦૨૦ની સ્થિતિએ મૂકેલ છે. | |

| | | | |
|---|---|---|---|
| | | મારૂતી ઇકોવાન | ૧૦૦ લાભાર્થીઓની નામની સરનામા, મોબાઇલ નંબર, આવકની વિગતો તા.૦૫/૦૮/૨૦૨૦ની સ્થિતિએ મૂકેલ છે.<br><br>માત્ર નામ મેળવેલ સહાયની વિગતો મૂકવાની હોઇ અન્ય માહિતી અંગત માહિતી બનતી હોઇ સરનામું મોબાઇલ નંબર, આવક વિગરે મૂકવાની થાય નહી છતાં મૂકેલ છે. |
| | | બેંકેબલ યોજના | લાભાર્થીઓની આંકડાકીય માહિતી વર્ષ-૨૦૧૭-૧૮ સુધીની મૂકેલી છે. અદ્યતન નથી નામ નથી. |
| | | સીધા ધિરાણ યોજના | આંકડાકીય માહિતી વર્ષ-૨૦૧૮ સુધી નામ નથી. |
| | | પશુપાલન યોજના | નામ, સરનામું, મોબાઈલ નંબર, આવક ૧૦ લાભાર્થીની વિગત તા.૪/૩/૨૦૨૦ની સ્થિતિએ. |
| Gujarat Schedule Caste Development Corporation | http://sje.gujarat.gov.in | લાભાર્થીઓની માત્ર આંકડાકીય માહિતી મૂકેલ છે નામવાર, ગામવાર માહિતી મૂકેલ નથી. યોજનાના નામ સાથે માહિતી મૂકેલ નથી. | |
| Gujarat Safai Kamdar Development Corporation | http://sje.gujarat.gov.in | SRMS યોજના લાભાર્થીઓની ૧૪૧ પાનાની વિગતો મૂકેલ છે. ૨૦૧૭-૧૮ થી ૨૦૨૪-૨૫ સુધીના જુદી જુદી ધિરાણ | |

| | | | |
|---|---|---|---|
| | | હેઠળના લાભાર્થીઓ ૨૪૦ ની માહિતી મૂકેલ છે. | |
| Gujarat Thakore and Koli Development Corporation | http://sje.gujarat.gov.in | લાભાર્થીઓની કોઇ વિગતો મૂકવામાં આવેલ નથી. | |
| Gujarat Minority Finance and Development Corporation | http://sje.gujarat.gov.in | લાભાર્થીઓની કોઇ વિગતો મૂકવામાં આવેલ નથી. | |
| Gujarat Gopalak Development Corporation | http://sje.gujarat.gov.in | કોઇ માહિતી મૂકેલ નથી. | |
| Dr.Ambedkar Antyodaya Development Corporation (s.c.) | http://sje.gujarat.gov.in | કોઇ માહિતી મૂકેલ નથી. | |
| GUJARAT NOMADIC AND DENOTIFIED TRIBES DEVELOPMENT CORPORATION | http://sje.gujarat.gov.in | લાભાર્થીઓની યાદી વર્ષ -૨૦૨૨-૨૩ સુધી મૂકવામાં આવી છે. પછી થી મૂકવામાં આવી નથી. | |

( ૫.૧૨) આયોગના તા.30/૧૦/૨૦૨૪, તા.૧૮/03/૨૦૨૫, તા.૨૭/03/૨૦૨૫ અને તા.0૬/0૫/૨૦૨૫ ના હુકમથી વિભાગના સંયુક્ત સચિવશ્રી (સંકલન), ઉપરાંત પ્રથમ અપીલ સત્તાધિકારીશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રીને ઉક્ત કામગીરી પૂર્ણ કરાવવા માટે જણાવવા છતાં પણ યેનકેન પ્રકારે આયોગના હુકમનું પાલન થયેલ નથી. આ સંજોગોમાં આયોગ નીચે મુજબ હુકમ કરે છે.

## <u>હુકમ</u>

(૧) આ સંજોગોમાં, ઉપર જણાવ્યા પ્રમાણે, આયોગ અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને વિભાગ હેઠળના ખાતાના વડા અને બોર્ડ નિગમોની વેબસાઈટોમાં માહિતી મેળવવાનો અધિકાર શીર્ષક હેઠળ મૂકવામાં આવેલ વિગતોમાં પ્રો-એક્ટીવ ડિસક્લોઝરના મુદ્દા નં. (૧૧), (૧૨) અને (૧૩) માં નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩, વર્ષ ૨૦૨૩-૨૪, વર્ષ ૨૦૨૪-૨૫ અંગેની વિકાસલક્ષી યોજનાકીય બાબતો જેવી કે ફાળવેલ નાણાં, થયેલ ખર્ચ/ ચૂકવેલ નાણાં, વિભાગ દ્વારા આયોજિત અને

ખાતાના વડા અને બોર્ડ નિગમો સંચાલિત વિકાસલક્ષી  કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો (ગામવાર, તાલુકાવાર, જિલ્લાવાર) તા.૩૧/૦૭/૨૦૨૫ પહેલાં મૂકાવવા માટે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૨૫(૩)(જ) હેઠળ ભલામણ કરે છે.

(૨) સદર યોજનાકીય વિગતો મૂકવા માટે આયોગ દ્વારા સીધા જ ખાતાઓના વડા અને નિગમોને સૂચના આપવા તા.૨૫/૦૪/૨૦૨૫ના પત્રથી જે વિનંતી કરેલ છે તે આયોગ ગ્રાહ્ય રાખતું નથી,

(૩) આ હુકમની એક નકલ સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગે અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને મોકલી આપવાની રહેશે.

(૪) ઉક્ત હુકમના અનુસંધાને સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગે સંબંધિત વિભાગ પાસેથી  પ્રગતિની વિગતો મેળવીને રાજ્ય મુખ્ય માહિતી કમિશનરશ્રીની સમક્ષ યોજાતી આગામી બેઠકમાં વિગતો રજૂ કરવાની રહેશે.

પ્રસ્તુત બીજી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

સહી/-
(નિખિલ ભટ્ટ)
રાજય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર

**મુકાબલ કરનાર**

**કાયદા અધિકારી**
**ગુજરાત માહિતી આયોગ**
**ગાંધીનગર**

**પ્રમાણિત કરનાર**

**નાયબ સચિવ(વતી)**
**ગુજરાત માહિતી આયોગ**
**ગાંધીનગર**